## હરિની દ્રષ્ટિ...
- હરિન ભટ્ટ




વેક્સિન લઈ લીધી... ઈમ્યુનિટી વધારી... હવે કરવાનું શું...

# કેમીકલવાળુ ગંદુ પાણી ગટરો - નદીઓમાં નાંખતી ગેંગ ઝડપાઈ

કલોલ જીઆઈડીસી વિસ્તારમાંથી બે ટેન્કરમાં ૬૦ હજાર લીટર હાઈડ્રોકલોરીક એસીડનું પ્રદુષિત પાણી ભરીને રાત્રીના અંધકારમાં અવાવરૂ સ્થળે નિકાલ કરવા માટે જતા ડ્રાઈવરોને ત્રણ દિવસ અગાઉ અડાલજ પાસેથી એલસીબી-૧ પોલીસે પકડી પાડ્યા હતા. ત્યારે આ પ્રકરણમાં એલસીબી પોલીસે વધુ તપાસ હાથ ધરતા જીઆઈડીસીની કંપનીઓમાંથી દુષિત પાણી ભરીને તે ગટરો તેમજ નદીઓમાં નિકાલ કરતા કરતા હોવાનું બહાર આવ્યું હતું. છેલ્લા ૧૦ વર્ષથી આરોપીઓ વિવિધ કંપનીઓનું દુષિત પાણી નિકાલ કરવાનું કામ કરતા હતા. જયારે હાઈડ્રોકલોરીક એસીડના એક ટન દુષિત પાણી નિકાલ કરવાના રૂ.૧૪૦૦ નકકી કર્યા હતા.જયારે છેલ્લા ૧૦ વર્ષથી નદી કે ગટરોમાં દુષિત પાણી નિકાલ કરવાના રેકેટ મુદ્દે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ઉંઘતુ ઝડપાયું છે.

મહેસાણા-અડાલજ માર્ગ પરથી પર્યાવરણને નુકશાન પહોંચાડે તેવા હાઈડ્રોકલોરીક એસીડના પ્રદુષિત પાણી ભરેલા બે ટેન્કર એલસીબી-૧ પોલીસે પકડી પાડ્યા હતા. આ ટેન્કરમાં અંદાજીત ૬૦ હજાર લીટર દુષિત પાણી જપ્ત કરી બે શખ્સોને પકડી પાડી રૂ.૨૦ લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. આ ટેન્કર કલોલ જીઆઈડીસીમાં આવેલી એશિયન ટયુબ પ્રા.લી નામની કંપનીમાંથી ભરીને રાત્રીના અંધકારમાં ખુલ્લી જગ્યામાં ખલીકરવાનું આયોજન હતું. પોલીસે ટેન્કર ચાલક રમેશભાઈ મોઢવાડીયા અને ચંદ્રપ્રકાશ રાવત ને પકડી પાડ્યા હતા. આ બંન્ને શખસોની પોલીસે કડક પુછતાછ કરતા રાજયવ્યાપી રેકેટ ચાલતુ હોવાનું ધ્યાને આવ્યું હતું. જેમાં ટેન્કર માલિક જગશીભાઈ કાનાભાઈ ભરવાડ (રહે. ભરવાડ વાસ નાંદેજ બારેજડી અમદાવાદ), આ વેપારનો માસ્ટર માઈન્ડ હોવાનું બહાર આવ્યું છે. ટેન્કર ડ્રાઈવર રમેશભાઈ મોઢવાડીયા અમદાવાદ, ગાંધીનગર, વડોદરો, સહિત અંકલેશ્વરની ફેકટરીઓમાંથી કેમીકલવાળા ગંદા પાણીનો નિકાલ નારોલ, વટવાની ગટરો તેમજ વિશ્વામિત્રી નદીમાં કરતા હતા. પોલીસે આરોપીઓને પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

### કંઈ કંપનીમાંથી કેટલા ફેરા માર્યા

અત્યાર સુધીમાં આ ટેન્કર ચાલકોએ એશીયન ટયુબ પ્રા.લિ.માંથી ૩ ફેરા, સાંતેજની અશ્વિન ફાસ્ટનર્સમાંથી ૨ ફેરા, ગુજરાતી સાણંદની એક કંપનીમાંથી ૭ ફેરા,વડોદરા જીઆઈડીસી મંજુસરમાં ઓવીલ કેમીનો કેમીકલ્સમાંથી ૫ ફેરા, વડોદરાની દિપક નાઈટ્રાઈટમાંથી ૧૦ ફેરા, પાલ કેમિકલ્સમાંથી ૫ ફેરા, કેમટેક કેમિકલ્સમાંથી ૭ ફેરા ખંભાતની ગુજરાત ફલોરો કંપનીમાંથી ૮ ફેરા, અને દહેજની સ્ટર્લિંગ કેમિકલ કંપનીમાંથી ૯ વખત કેમીકલવાળુ ગંદુ પાણી ભરી નિકાલ કરવામાં આવ્યો છે.

## ખૂણેખાંચરેથી

- દહેગામ એસ.ટી. ડેપોના ગઈકાલે થયેલ લોકાર્પણની તક્તીમાં ધારાસભ્યનું નામ ગાયબ થતાં દહેગામ ભાજપમાં ચર્ચાઓ શરૂ થઈ છે.
- ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે અને જી.એમ.ડી.સી. ખાતેની હોસ્પિટલના નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવનાર ડી.આર.ડી.ઓ.ના બે ઉચ્ચ અધિકારીઓની અન્ય સ્થાને બદલી થતાં તેમને આજે ઉષ્માભેર વિદાય અપાઈ હતી.
- ગાંધીનગર જિલ્લામાં પ્રિ.મોન્સુન એકટીવીટીના ભાગરૂપે અત્યાર સુધીમાં સિઝનનો ૨.૦૯ ટકા વરસાદ નોંધાયો છે. ગાંધીનગરમાં સિઝનનો ૩.૦૮ ટકા, કલોલમાં ૪.૬૦ ટકા અને માણસામાં ૦.૭૫ ટકા વરસાદ નોંધાયો છે.
- રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે આજે બે નાયબ સચિવ કક્ષાના અધિકારીઓની અરસ-પરસ બદલીના હુકમો જારી કર્યા છે.
- આજે શહેરમાં મનપાની આવી રહેલી ચૂંટણીને લઈ બે મુખ્ય સ્પર્ધકો પક્ષોએ વન મહોત્સવની ઉજવણીમાં સ્પર્ધા યોજી હોય તેવો માહોલ જોવા મળતો હતો.
- સે. ૨૨ માં વૃક્ષારોપણના કાર્યક્રમ દરમ્યાન પૂર્વ મેયર પ્રવિણ પટેલે અંગત સ્વાર્થ માટે વૃક્ષનું કટિંગ કરનારાઓ સમાજ સેવા નહિ પણ સમાજ દ્રોહનું કામ કરી રહ્યા છે તેવી કરેલી ટકોર શહેરના રાજકારણમાં ગરમી લાવી દીધી છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૮૧૭ લોકોને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.
- શહેરમાં આજે ૧૮+ના ૩૬૫૧ અને ૪૫+ ના ૩૯૭ લોકોને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવાયા હતા.
- રાજ્યના મુખ્ય સચિવે આજે સાંજે વેક્સિનેશનની સમીક્ષા દરમ્યાન ફરજીયાત માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ વારંવાર સેનેટાઈઝેશનની વાતો લોકો ભુલી ના જાય તે માટે તંત્રને સતત સતર્ક રહેવા ટકોર કરી હતી.

# ‘સ્ટેટ એકશન પ્લાન ઓન કલાયમેટ ચેન્જ’ લોન્ચ કરનારૂં ગુજરાત દેશનું અગ્રીમ રાજ્ય

### કોવિડ-૧૯ની વિવિધ ક્ષેત્રો પર પડેલી અસરો અંગેનો અભ્યાસ અહેવાલ IIM અમદાવાદ IIT ગાંધીનગરે તૈયાર કર્યો

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વિશ્વ પર્યાવરણ દિવસે ગુજરાતની આગવી પહેલ રૂપ ‘સ્ટેટ એકશન પ્લાન ઓન કલાયમેટ ચેન્જ’ લોન્ચ કરીને ગુજરાતને આ ક્ષેત્રે અગ્રીમ રાજ્યનું ગૌરવ અપાવ્યું છે.

મુખ્યમંત્રીએ રાજયના કલાયમેટ ચેન્જ વિભાગ દ્વારા IIM અમદાવાદ અને IIT ગાંધીનગરના તજજ્ઞોના સહયોગથી તૈયાર કરવામાં આવેલા સ્ટેટ એકશન પ્લાન ઓન કલાયમેટ ચેન્જ અને કોવિડ-૧૯ની રાજયના વિવિધ ક્ષેત્રો પર પડેલી અસરો અંગેના અહેવાલનું વિમોચન ગાંધીનગરમાં સંપન્ન કર્યુ હતું.

ગુજરાત સ્ટેટ એકશન પ્લાન ઓન કલાયમેટ ચેન્જમાં ૨૦૩૦ સુધીમાં રાજયમાં કલાયમેટ ચેન્જ અનુકુલન, શમનના આયોજન અને પગલાંઓનો સમન્વય કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ અહેવાલ અને સ્ટેટ એકશન પ્લાનનો વિમોચન કરતાં સ્પષ્ટપણે જણાવ્યું કે ગુજરાત કલાયમેટ ચેન્જના પડકારોને હલ કરવાના લાંબાગાળાના એકશન પ્લાનને અમલમાં મૂકનારૂં ગુજરાત દેશનું પ્રથમ રાજય બનશે.

તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પર્યાવરણ અને કલાયમેટ ચેન્જ અંગે દાખવેલી પ્રતિબદ્ધતાને આપણે આગળ ધપાવી સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ કર્યુ છે.




વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે ગુજરાત ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયા કિનારો, વનો, પર્વતો, રણ જેવી અનેક વિવિધતા ધરાવતો પ્રદેશ છે. કલાયમેટ ચેન્જના કારણે કુદરતી વાવાઝોડા, હિટવેવ, વ્યાપક વરસાદ જેવી સ્થિતીનો સામનો આપણે કરતા આવ્યા છીયે તેની ભૂમિકા મુખ્યમંત્રીએ આપી હતી.

મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે ગુજરાતે પર્યાવરણ જાળવણી, રક્ષા માટે સૌર અને પવન ઊર્જા, ઈલેકટ્રીક વાહનોના ઉપયોગ પર વિશેષ ઝોક આપ્યો છે.

રાજયમાં નવા થર્મલ પાવર પ્લાન્ટસ શરૂ કરવાની મંજૂરીઓ હવે ન આપવા સાથે નવ હજાર મેગાવોટ પવન અને પાંચ હજાર મેગાવોટ સૌર ઊર્જા ઉત્પન્ન કરી ગ્રીન-કલીન એન્વાયરમેન્ટને સાકાર કર્યુ છે એમ તેમણે કહ્યું હતું.

તેમણે ઉમેર્યુ કે ગુજરાત આવનારા દિવસોમાં ૩૦ ગીગાવોટ સૌર અને પવન ઊર્જાનું ઉત્પાદન કરીને આ ક્ષેત્રે પણ અગ્રેસર રહેશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે કલાયમેટ ચેન્જ અને પૂનઃ પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે ગુજરાતે આગવી પહેલો કરી છે. જળ સંરક્ષણ, રિસાયકલીંગ ઓફ વોટર, રિયુઝ ઓફ ટ્રીટેડ વોટર દ્વારા જળ શુદ્ધિના આયામો અપનાવ્યા છે.

મુખ્યમંત્રીએ આ સ્ટેટ એકશન પ્લાન તૈયાર કરવામાં IIM અમદાવાદ અને IIT ગાંધીનગરના તજજ્ઞોના સહયોગની સરાહના કરી હતી.

આ લોન્ચીંગવેળાએ કલાયમેટ ચેન્જ વિભાગના અગ્ર સચિવ એસ. જે. હૈદર, જેડાના એમ.ડી. બિજલ શાહ તેમજ IIMના ડૉ. અમિત ગર્ગ, સિદ્ધિબહેન, વિમલ મેશ્વરી વગેરે જોડાયા હતા.



**ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિક ગાંધીનગર કલબ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ**

ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર કલબ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે સંત રોહિદાસ મંદિર ગાંધીનગરના સંકુલમાં ૫૦ થી વધુ ઔષધીય વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેમાં નેશનલ વાઈસ ચેરપર્સન અક્ષયભાઈ ઠક્કર, ઈ.લાયોનેસના પ્રમુખ શિલ્પા બી દેસાઈ, તથા સંત રોહિદાસ મંદિરના ટ્રસ્ટના પ્રમુખ ડાહ્યાભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

### જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા

# રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત થયેલ કામગીરીની ચર્ચા-વિર્મશ કરવા માટે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ગાંધીનગર મેડિકલ કોલેજના સહયોગથી મેડીકલ કોલેજના ડિનના અધ્યક્ષસ્થાને મેડિકલ કોલેજ ખાતે રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત થયેલ કામગીરીની ચર્ચા-વિર્મશ કરવા માટે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશમાંથી ટીબીને નાબૂદ કરવાનું આહવાન કરવામાં આવ્યું છે. જે અનુસંધાને સમાજમાં રહેલા ટીબીના તમામ દર્દીની સમયસર શોધ થાય અને નિયમિત સારવાર મળી રહે જે અંતર્ગત આજે આ બેઠક યોજાઈ હતી. અત્યારની કોરોનાની મહામારીમાં ટીબીના કેસ ખુબજ ઓછા જોવા મળે છે. આમ જોવા જઈએ તો કોરોના અને ટીબીના લક્ષણો સરખા છે જો કોરોનાનો રિપોર્ટ નેગેટિવ આવે તો ટીબીની તપાસ કરાવવી ફરજીયાત છે. પરંતુ લોકોમાં કોરોનાનો ભય ખુબજ વધુ હોવાથી લોકો ટીબીની તપાસ કરાવતા નથી. જેના ભાગરૂપે મેડિકલ કોલેજ ખાતે તપાસ માટે આવતા લોકોમાં ટીબીના લક્ષણો હોય તેવા તમામ લોકોની ટીબીની તપાસ થાય તે હેતુથી મેડિકલ કોલેજની ઓપીડી વિભાગની કેસ બારી પર જ તપાસ માટે આવેલ દર્દીના કેસ પર જ લાલ રંગનો ફાસ્ટ્રેકનો સિક્કો કરવામાં આવશે જેથી ટીબીના લક્ષણો દેખાતા દર્દીને ઝડપથી તપાસ કરવામાં આવશે.






**નહેરુ યુવા કેન્દ્રના સ્વયંસેવકો દ્વારા ૪૦ વૃક્ષોનું વાવેતર કરાયું**

નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે યુથ હોસ્ટેલ સેકટર-૧૬ તેમજ ઘ માર્ગ પર વિવિધ જગ્યાએ ૪૦ વૃક્ષોનું વાવેતર કર્યું હતું. ભવિષ્યમાં નગરજનોને ઓકિસજન મળી રહે તેમજ વાતાવરણ પણ સાનુકુળ બની રહે તેવા ઉમદા હેતુથી નહેરુ યુવા કેન્દ્રના તમામ યુવા સ્વયંસેવક દ્વારા અલગ અલગ છોડનું વાવેતર કરી માવજતની જવાબદારી લીધી હતી.

## સેકટર-૩ શ્રી સાંઈકૃપા સેવા ટ્રસ્ટના પ્રમુખ તરીકે વિક્રમ પટેલની વરણી

ગાંધીનગર શહેરના સેકટર-૩ ડી સ્થિત સાંઈકૃપા સેવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓની ગત તા.૩ જુનને ગુરુવારના રોજ બેઠક મળી હતી. આ બેઠકમાં સર્વાનુમતે હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં ચેરમેન તરીકે અશોકભાઈ પટેલ, પ્રમુખ તરીકે વિક્રમભાઈ પટેલ (ચેરમેન ધી



ગાંધીનગર નાગરીક કો.ઓપ.બેંક.લિ.), ઉપપ્રમુખ તરીકે મહેન્દ્રસિંહ ચૌહાણ, મહામંત્રી તરીકે નરસિંહ ભાઈ પરમાર, સહમંત્રી તરીકે બળવંતભાઈ કે. દરજી, ખજાનચી તરીકે ધર્મેન્દ્રભાઈ મહેતા અને આંતરીક ઓડીટર તરીકે વેલુસિંહ ચાવડાનો સમાવેશ થાય છે.

તે ઉપરાંત સંસ્થામાં નવીન ટ્રસ્ટીઓની નિમણુંક કરવામાં આવી છે. જેમાં વિપુલ રમેશભાઈ પટેલ( મેનેજીંગ ડિરેકટર, ધી ગાંધીનગર નાગરીક કો.ઓપ.બેંક.લિ.), બળવંતભાઈ કે.દરજી પ્રિન્સીપાલ, ધર્મેન્દ્રભાઈ મહેતા માધ્યમિક શિક્ષણ બોર્ડ, હરસિધ્ધભાઈ વી.સથવારા વેપારી નો સમાવેશ થાય છે.

# સૌ સંકલ્પ લઈ ગ્રીન-કલીન-હરિયાળું ગુજરાત બનાવીએ : વિજયભાઈ

### વન વિભાગ દ્વારા ૨૧ લાખ તુલસી રોપા વિતરણથી પર્યાવરણ શુદ્ધિનો નવતર અભિગમ

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સૃષ્ટિ પરના કુદરતી આવરણ-પર્યાવરણના સંતુલનથી અને તેની સુરક્ષાથી ગ્લોબલ વોર્મિંગના તેમજ વૈશ્વિક મહામારીના પડકારો સામે સામુહિક લડાઈ લડી વિજય મેળવવાની નેમ વ્યકત કરી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે આપણી આવનારી પેઢી માટે શુદ્ધ વાતાવરણ, ઉજ્જવળ અને સ્વસ્થ ભવિષ્ય આપવાનો સૌએ વિશ્વ પર્યાવરણ દિવસે સંકલ્પ કરવો પડશે.



મુખ્યમંત્રી પાંચમી જૂન, વિશ્વ પર્યાવરણ દિવસના ઉપલક્ષ્યમાં વન-પર્યાવરણ વિભાગના સહયોગથી યોજાયેલા સમારોહમાં સંબોધન કરી રહ્યા હતા.

આ ઉજવણીમાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ ગાંધીનગર મહાનગરમાં, મંત્રી આર. સી. ફળદુ જામનગરમાં, મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા વડોદરામાં, મંત્રી સૌરભભાઈ પટેલ ભાવનગરમાં, મંત્રી ગણપતસિંહ વસાવા સુરતમાં, મંત્રી જયેશભાઈ રાદડીયા રાજકોટમાં તથા જવાહરભાઈ ચાવડા જુનાગઢમાં અને રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા અમદાવાદમાં કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ પ્રોજેકટ ફોર ઈકોસિસ્ટમ રિસ્ટોરેશન ઈન ગુજરાતનો પણ શુભારંભ કરાવ્યો હતો.

**ટચુકડી**
**જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# પ્રાંતિયામાં બંધ મકાનમાંથી ૧.૮૨ લાખની મત્તાની ચોરી

### ગામમાં ત્રણ મકાનના તાળા તુટતા ગ્રામજનોમાં ભયનો માહોલ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક આવેલા પ્રાંતિયા ગામમાં એક સાથે ત્રણ મકાનના તાળા તુટયા ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે. જયારે એક મકાનમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડા મળી કુલ રૂ.૧.૮૨.૫૦૦ લાખની મત્તાની ચોરી થવા પામી છે. પત્નિ પિયર ગઈ હોવાથી ખેડુત પોતાના દિકરા અને દિકરી સાથે ખેતરમાં પશુઓ હોવાથી ત્યાં સુવા માટે જતા હતા. તે સમયે ચોર ઈસમો કળા કરી પલાયન થઈ ગયા છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ પ્રાંતિયા દરબાર વાસ રામાપીર મંદિર પાસે રહેતા અશોકજી શકરાજી સોલંકી પોતાના પરિવાર સાથે રહે છે અને ખેતીકામ કરીને ગુજરાન ચલાવે છે. અશોકજીના પત્ની ઉવારસદ ખાતે પિયર ગયા હોવાથી અશોકજી તેમજ દિકરો અને દિકરી ઘરે હતા. ખેતરમાં પશુઓ હોવાથી પરિવારના સભ્યો ખેતરમાં સુવા માટે જતા હતા. ગતરોજ અશોકજી પોતાના પરિવાર સાથે રાત્રીના ૯ વાગે ઘર બંધ કરીને ખેતરે ગયા હતા. જયારે સવારે દુધ ભરાવા માટે ડેરીએ આવ્યા હતા.

ત્યારબાદ ઘરે આવીને જોયુ તો ઘરનો મુખ્ય દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં હતો. તેઓએ તાત્કાલીક અંદર જઈ તપાસ કરી તો તિજોરીઓ તોડી ઘરમાં રહેલો સામાન વેર વિખેર હતો. જયારે તિજોરીમાં સોના ચાંદીના દાગીના તેમજ રોકડા રૂ.૩૦ મળીને કુલ રૂ.૧.૮૨.૫૦૦ ની મત્તાની ચોરી થવા પામી હતી. જયારે બાજુમાં રહેતા ચેહરબેન વશરામભાઈ રબારી અને અલ્પેશભાઈ રબારીના ઘરે પણ તાળા તુટ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. બનાવ અંગે અશોકજીની ફરીયાદને પગલે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



**પીઆઈયુ વિભાગ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો**

આરોગ્ય વિભાગ હસ્તક બાંધકામની કામગીરી સંકળાયેલા પી.આઈ.યુ.ના ઈજનેરો દ્વારા હોસ્પિટલ કેમ્પસમાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. પીઆઈયુ વિભાગ દ્વારા રાજયવ્યાપી વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઈજનેરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આરએમઓ ઓફિસની સામે ખુલ્લી જગ્યામાં વિવિધ છોડનું વાવેતર કરવામાં આવ્યું હતું. પર્યાવરણની જાળવણી તેમજ સંવર્ધન માટેની પ્રતિબધ્ધતા વ્યકત કરવામાં આવી હતી. પીઆઈયુ વિભાગના ઈજનેરો પગાર વધારો, અને અન્ય પડતર પ્રશ્નો અંગે કાળી પટ્ટી ધારણ કરીને કેટલાક દિવસથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.ત્યારે આ સંજોગોમાં સમાજ ઉપયોગી એવા ઉમદા કાર્યમાં અદમ્ય ઉત્સાહ દાખવી વૃક્ષારોપણ કરી ઉચ્ચ સામાજીક મુલ્યો સ્થાપિત કરવાનો અનોખો અભિગમ દાખવ્યો છે.

**જાહેરાત**
**આચાર્યશ્રી, કૃષિ પોલીટેકનિક, સ.દાં. કૃષિ યુનિવર્સિટી, ખેડબ્રહ્મા-૩૮૩૨૫૫, જી. સાબરકાંઠા**

આથી જેસીબીથી કામગીરી કરાવતા ઈસમો / વેપારીઓ / ઠેકેદારો પાસેથી જેસીબીથી અંદાજીત ૧૫૦ કલાક કામગીરી કરાવવા માટે પ્રતિ કલાક દીઠ જેસીબી કામગીરીના ભાવો મંગાવવામાં આવે છે. ભાવપત્રક સાથે ઈ.એમ.ડી. રૂ. ૫૦૦૦/-નો એકાઉન્ટ પે ચેક ‘આસીસ્ટન્ટ એકસટેન્શન એજ્યુકેશનિસ્ટ’ના નામનો મોકલી આપવાનો રહેશે. ઈ.એમ.ડી. સિવાયના ભાવો મંજુર રાખવામાં આવશે નહીં. ભાવપત્રક જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૧૦માં મોકલી આપવાના રહેશે. ભાવ પત્રક સ્વીકારવા, ખોલવા કે માન્ય રાખવા / ન રાખવાની સંપૂર્ણ સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીને અબાધિત રહેશે.

સ્થળ : ખેડબ્રહ્મા — આચાર્ય
નામાનિ/હિંમત/૧૨૪-૨૦૨૧

**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**
વર્ષ - ૨૦૨૧-૨૦૨૨
**ગાંધીનગર મહાનગરપાલિકા**
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
| --- | --- | --- | --- |
| ૯૧/૨૦૨૧-૨૨ | ITEM FOR CIVIL WORK TO BE EXECUTED IN GANDHINAGAR MUNICIPAL CORPORATION AREA AS AND WHEN REQUIRED | રૂ. ૩,૬૦૦/- | રૂ. ૩,૦૦,૦૦૦/- |

ટેન્ડર ફોર્મ તા. ૭/૬/૨૦૨૧ થી તા. ૨૭/૬/૨૦૨૧ સુધી સમય ૧૭.૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ્ટ.હૅષ્ઠિી.ર્ષ્દ્ઘ પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડીના ડીમાન્ડ ડ્રાફ્ટ તા. ૨૮/૬/૨૦૨૧ થી ૫/૭/૨૦૨૧ સમય ૧૭.૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૬/૭/૨૦૨૧ના રોજ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર
માહિતી/૩૩૮/૨૧-૨૨